દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
ગુરુવાર ૭ નવેમ્બર, ૨૦૨૪

ભારત ભલે ટ્રમ્પની જીતથી ખુશ થયું હોય પણ ટ્રમ્પ સ્હેજેય ભરોસાપાત્ર નથી

2020માં હારી જવાને કારણે સત્તાથી વિમુખ થઈ ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ફરી અમેરિકામાં ચૂંટણી જીતી ગયા છે. અમેરિકી મીડિયાના હેવાલો પ્રમાણે ટ્રમ્પને બહુમતિ મળી ગઈ છે અને કમલા હેરિસ હારી ગયા છે. જો કમલા હેરિસ જીત્યા હોત તો અમેરિકાના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા હોત પરંતુ અમેરિકનોને તે મંજૂર નહોતું.

ટ્રમ્પની જીત સાથે ભારતીયોને ખુશી થઈ છે. ખુશી શા માટે થઈ છે તેનો ચોખ્ખો જવાબ સરેરાશ ભારતીયો પાસે નથી. પરંતુ જે વાતો ચલાવવામાં આવી રહી છે કે ટ્રમ્પની જીતથી ભારતને ફાયદો થશે તેને સત્ય માનીને સરેરાશ ભારતીય ખુશ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તાવાર રીતે ટ્રમ્પને જીતેલા જાહેર કરવામાં આવ્યા નહીં હોવા છતાં પણ ટ્રમ્પને જીતના અભિનંદન આપી દીધા છે. ટ્રમ્પનો અગાઉનો ચાર વર્ષનો કાર્યકાળ ભારતે જોયો છે. આ કાર્યકાળે એવું બતાવ્યું છે કે ટ્રમ્પ પોતાની વાત પર કાયમ રહે તેવી વ્યક્તિ નથી. આજ કારણે ખુશ થઈ રહેલા ભારતીયો વતી ભારત સરકારે ટ્રમ્પ સાથેના સંબંધમાં અનેક પ્રકારે બેલેન્સ જાળવવું પડશે.

ભારત સરકાર એવું માની રહી છે કે ટ્રમ્પ ચીનના વિરોધી છે અને તેની જીતથી ચીન કાબુમાં રહેશે. પરંતુ એ વાત હંમેશા ધ્યાનમાં રાખવા જેવી છે કે ટ્રમ્પ રાષ્ટ્રપતિ પછી છે પહેલા બિઝનેસમેન છે. જ્યાં તેને ફાયદો દેખાશે ત્યાં તે જશે. ટ્રમ્પના આવવાથી ચીન સામેની લડાઈમાં અને ડિફેન્સ સેક્ટરમાં ભારતને ચોક્કસ ફાયદો થશે પરંતુ બિઝનેસ અને ઈમિગ્રન્ટ્સના મામલે ભારતે હંમેશા ટ્રમ્પથી સાવધ રહેવું પડશે. આ બંને મુદ્દા પર ટ્રમ્પ ભારતથી વિરોધી રહ્યા છે.

ટ્રમ્પ ગમે ત્યારે પોતાના જ નિર્ણયોને બદલી શકે છે અને એને કારણે ભારતના હિતને મોટું જોખમ ઊભું થઈ શકે છે. કારણ કે ટ્રમ્પનો ભરોસો કરી શકાય તેમ નથી. ટ્રમ્પ હંમેશા ઉતાવળા નિર્ણયો લેવા માટે જાણીતા છે. આવા નિર્ણયો ભારત માટે જોખમ ઊભું કરી શકે છે. અગાઉ ટ્રમ્પે પાકિસ્તાનના તત્કાલિન વડાપ્રધાન ઈમરાન ખાનને બોલાવીને કાશ્મીર મુદ્દે મધ્યસ્થી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને ભારતે ટ્રમ્પના આ વલણની સામે વાંધો લેવો પડ્યો હતો. આજ રીતે ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ માટે પણ અનેક નિયમો કડક કરી નાખ્યા હતા. જેને કારણે અમેરિકામાં કામ કરતાં ભારતીય પ્રોફેશનલ્સએ H1B વિઝા મેળવવામાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.ટ્રમ્પની એવી માન્યતા છે કે અમેરિકામાં નોકરીઓ પર પહેલો હક અમેરિકનનો છે. ટ્રમ્પની આ માન્યતા ભારતીય પ્રોફેશનલ્સને મુશ્કેલી ઊભી કરે છે.

ટ્રમ્પ એવું પણ માને છે કે બોસ તો ગોરાઓ જ હોવા જોઈએ. આવી ટ્રમ્પની વિચારધારાને કારણે ભારતીયો સાથે ભેદભાવ થવાની સંભાવના રહેલી છે. ભારતીયો અમેરિકન લોકોની હિસાનો ભોગ પણ બને છે. જેને કારણે અમેરિકામાં રહેતા ભારતીયોની સુરક્ષાનો પણ મોટો પ્રશ્ન ભારતની સરકાર સામે આવી પડશે. ભૂતકાળમાં ટ્રમ્પ દ્વારા ભારતે અમેરિકન પ્રોડક્ટ પર લાદેલી ડ્યુટીનો વિરોધ કર્યો હતો. આ કારણે તેમણે ભારતમાંથી અમેરિકા આયાત થતાં સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ડ્યુટી લાદી દીધી હતી. ભારતની અન્ય પણ ડ્યુટી ફ્રી પ્રોડક્ટ્સને ટેક્સના દાયરામાં લાવવાની વાત ટ્રમ્પે કરી હતી. જે ભારત માટે ભારે નુકસાનકારક સાબિત થઈ શકે છે. અમેરિકા ભારતથી અનેક વસ્તુઓની આયાત કરે છે. આ આયાતને કારણે ભારતને મોટો નફો થાય છે.

ગત 2023-24ના નાણાંકીય વર્ષમાં જ ભારતે અમેરિકા પાસેથી 3.55 લાખ કરોડનો સામાન ખરીદ્યો હતો અને તેની સામે 6.52 લાખ કરોડના સામાનની નિકાસ કરી હતી. જો ટ્રમ્પ જૂની નીતિઓને લાગુ કરશે તો ભારતનો આ મોટો નફો હવે મળવાની સંભાવના રહેશે નહીં. એક જ શક્યતા છે કે ટ્રમ્પ ચીન વિરોધી છે અને ચીનનો મોટો સામાન અમેરિકા આવે છે. જો ટ્રમ્પ ચીનથી આયાત પર પ્રતિબંધ લાદે તો ભારતીય બજારોને પોતાનો સામાન ઘૂસાડવાની તક મળશે.

ભૂતકાળમાં જ્યારે ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ હતા ત્યારે ભારતે ટ્રમ્પની સાથે સારા સંબંધો રાખવા માટે ભારે પ્રયાસો કર્યા હતા. જોકે, ટ્રમ્પ પોતાની મસ્તીમાં રહ્યા હતા. ટ્રમ્પે કોરોના દરમિયાન અમેરિકાના નાગરિકોને સહાયરૂપે મોટી રકમો આપી હતી. જેની અસર અમેરિકાના અર્થતંત્ર પર પડી હતી.

ભલે મહાસત્તા હોય પરંતુ અમેરિકાનું અર્થતંત્ર એટલી સારી સ્થિતિમાં નથી. આ સંજોગોમાં ટ્રમ્પે નવી ઈનિંગમાં ગંભીરતા રાખવી પડશે. જો ટ્રમ્પ ગત ચાર વર્ષની જેમ જ અમેરિકામાં શાસન કરશે તો અમેરિકાને તો નુકસાન કરશે જ પણ ભારત સહિતના અન્ય મિત્ર દેશો માટે પણ સમસ્યાઓ ઊભી કરશે તે નક્કી છે.

કોંગ્રેસ સીસ્ટમનું સાધ્ય સત્તા હતું જ્યારે બીજેપી સીસ્ટમનું સાધ્ય હિંદુ રાજ્ય છે

સત્તાનો કબજો અને રાજ્યનો કબજો એ બંને અલગ છે

વાત પાછળની વાત

રમેશ ઓઝા

એક પ્રશ્ન વિચારવા જેવો છે અને હિન્દુત્વવાદીઓને કરાવનારો પણ છે. ૧૯૪૭માં દેશ આઝાદ થયો અને કેન્દ્રમાં તેમ જ દેશભરનાં રાજ્યોમાં કોંગ્રેસની સરકારો રચાઈ ત્યારે તે સરકારોએ પ્રજાની અંદર ભારતીય રાષ્ટ્રને સ્વીકાર્ય બનાવવા અને તેને ટકાવી રાખવા માટે એ બધું નહોતું કરવું પડ્યું જે હિન્દુત્વવાદીઓને હિંદુ રાષ્ટ્રની કલ્પનાને સ્વીકાર્ય બનાવવા માટે અને તેને ટકાવી રાખવા માટે કરવું પડે છે. આ ગંભીર અને પાયાનો પ્રશ્ન છે જે સમજવાનો પ્રયાસ કરો.

કોંગ્રેસે યેનકેન પ્રકારેણ સત્તાને પકડી રાખવા માટે અને બીજાને સત્તા સુધી નહીં પહોંચવા દેવા માટે ચૂંટણીઓ જીતવા માટેની જ્ઞાતિનાં સમીકરણો, પ્લસ કુબેરપતિઓ, પ્લસ બાહુબલીઓ આધારિત કોંગ્રેસ સીસ્ટમ વિકસાવી એ તો પાછળથી પેદા થયેલી જરૂરિયાત હતી, પહેલા દિવસની જરૂરિયાત નહોતી. એ જરૂરિયાત એટલા માટે પેદા થઈ કે તેમને સત્તા છોડવી નહોતી. તેના મૂળમાં માત્ર સત્તાભૂખ હતી. બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય રાષ્ટ્રને પ્રજાની અંદર સ્વીકાર્ય બનાવવા માટે અને તેને બને એટલો સમય ટકાવી રાખવા માટે કોંગ્રેસનાં શાસકોને અનીતિનો કે તાનાશાહીનો માર્ગ અપનાવવાની જરૂર નહોતી પડી. એ અપનાવવા પાછળનું એક માત્ર કારણ સત્તાભૂખ હતું.

કોંગ્રેસથી બરાબર સામેના છેડે બીજેપીને સ્પષ્ટ બહુમતી સાથે સત્તામાં આવ્યા પછી પહેલા દિવસથી, આય રીપીટ પહેલા દિવસથી, હિંદુ રાષ્ટ્રને સ્વીકાર્ય બનાવવા માટે અને તેને ટકાવી રાખવા માટે રાજકીય અનીતિ અને તાનાશાહીનો માર્ગ અપનાવવો પડે છે. બીજેપીએ તેની શાસકીય યાત્રાનો પ્રારંભ જ બીજેપી સીસ્ટમ વિકસાવીને કરવો પડ્યો છે. કોંગ્રેસ સીસ્ટમના પાયામાં માત્ર સત્તાભૂખ હતી, જ્યારે બીજેપી સીસ્ટમના પાયામાં તેમની હિંદુ રાષ્ટ્રની કલ્પનાની સ્વીકૃતિ અને તેને ટકાવી રાખવા માટેનો પડકાર છે. આ પાયાનો ભેદ છે એ સમજવાનો પ્રયાસ કરો.

આને કારણે કોંગ્રેસ સીસ્ટમ અને બીજેપી સીસ્ટમના સ્વરૂપમાં ફરક છે. કોંગ્રેસ સીસ્ટમ વિરોધ પક્ષોને ચૂંટણીમાં પરાજીત કરવા માટેની હતી, તેને નેસ્તનાબૂદ કરવા માટેની નહોતી. કોંગ્રેસ સીસ્ટમ દેશને વિકલ્પશૂન્ય બનાવવા માટેની નહોતી. કોંગ્રેસ સીસ્ટમ ભારત વિશેની વૈકલ્પિક કલ્પનાઓ (નેરેટિવ) ને રૂંધવા માટેની નહોતી. કોંગ્રેસ સીસ્ટમ સત્તા કબજે કરવા માટેની હતી, રાજ્યને કબજે કરવા માટેની નહોતી. સત્તાનો કબજો અને રાજ્યનો કબજો એ બે અલગ ચીજ છે. કોંગ્રેસ સીસ્ટમથી ઉલટું બીજેપી સીસ્ટમ રાજ્યને કબજે કરવા માટેની છે અને સત્તા તો તેમાં એક સાધન માત્ર છે. ટૂંકમાં કોંગ્રેસ સીસ્ટમનું સાધ્ય સત્તા હતું જ્યારે બીજેપી સીસ્ટમનું સાધ્ય હિંદુ રાજ્ય છે અને સત્તા તો એક સાધનમાત્ર છે. આ પાયાનો ફરક છે. ભારતીય રાષ્ટ્રને સાધવા માટે કોંગ્રેસીઓને કોંગ્રેસ સીસ્ટમ નહોતી વિકસાવવી પડી.

આવું કેમ બન્યું?

હજુ તો હિંદુ રાષ્ટ્રનું બીજ વાવ્યું ન વાવ્યું અને તેનાં અકુર પણ નથી ફૂટ્યાં ત્યાં તેને જીવાડવા માટે રાજ્ય કબજે કરવું પડે? કોંગ્રેસીઓને તો ભારતીય રાષ્ટ્રનાં વાવેતર પછી આવી કોઈ જહેમત નહોતી ઊઠાવવી પડી અને તેને જીવાડવા માટે આખે આખા રાજ્યનો કબજો કરવો પડે એ તો બહુ દૂરની વાત છે. ભારતીય રાષ્ટ્ર રાજ્યાશ્રિત નહોતું જ્યારે હિંદુ રાષ્ટ્ર તેના જન્મ સાથે જ રાજ્યાશ્રિત છે. જેમ અધૂરા મહિને જન્મેલા બાળકને ગર્ભબાહ્ય વાતાવરણથી બચાવવા માટે કાચની પેટી (ઈન્ક્યુબેટર)માં રાખવું પડે એમ હિંદુ રાષ્ટ્રને રાજ્ય નામના ઈન્ક્યુબેટરની જરૂર પડી રહી છે. તો પછી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સો વરસ કર્યું શું? સો વરસનું ગર્ભાધાન એ કોઈ ઓછો સમયગાળો કહેવાય? સો વર્ષના ગર્ભાધાન પછી જન્મેલા હિંદુ રાષ્ટ્રને રાજ્ય નામના ઈન્ક્યુબેટરમાં રાખવું પડે અને તેને પડકારોથી બચાવવા માટે ઉપર કહી

કોંગ્રેસ સીસ્ટમના પાયામાં માત્ર સત્તાભૂખ હતી, જ્યારે બીજેપી સીસ્ટમના પાયામાં તેમની હિંદુ રાષ્ટ્રની કલ્પનાની સ્વીકૃતિ અને તેને ટકાવી રાખવા માટેનો પડકાર છે. આ પાયાનો ભેદ છે એ સમજવાનો પ્રયાસ કરો

એવી બીજેપી સીસ્ટમ વિકસાવવી પડે તો સંઘનાં સો વરસ પાણીમાં ગયાં કહેવાય!

ભારતીય રાષ્ટ્રનાં પુરસ્કર્તાઓએ ભારતીય રાષ્ટ્રને પ્રજામાન્ય કરાવ્યું હતું, તે પ્રજા-આશ્રિત હતું અને એટલે તેને રાજ્યાશ્રયની જરૂર નહોતી પડી. હિન્દુત્વવાદીઓ હિંદુ રાષ્ટ્રને પ્રજામાન્ય નથી કરાવી શક્યા, પ્રજા-આશ્રિત નથી એટલે તેને રાજ્યાશ્રયની જરૂર પડી રહી છે. પણ આવું ક્યાં સુધી ચાલે? કોંગ્રેસે કોંગ્રેસ સીસ્ટમ વિકસાવી અને તેનો નિર્લજ્જપણે ઉપયોગ કર્યો એટલે લોકોની આંખમાંથી કોંગ્રેસ ઉતરતી ગઈ. કોંગ્રેસીઓએ પ્રતિષ્ઠા ગુમાવી દીધી અને એક દિવસ પ્રજાએ તેને સત્તા પરથી ઉતારી દીધા. જે પક્ષો મોટા દાવાઓ સાથે કોંગ્રેસના વિકલ્પે સ્થપાયા હતા તેણે શરૂઆતનાં સૈધ્ધાંતિક વર્ષો પછી સમાધાનો કરવા માંડ્યાં અને કોંગ્રેસનો માર્ગ અપનાવ્યો એટલે તે પણ લોકોની નજરમાંથી ઊતરી ગયા. કોંગ્રેસને અને બીજા મધ્યમમાર્ગી પક્ષોને જે જાકારો મળ્યો એ તેમણે અપનાવેલા માર્ગનું અને તેમણે કરેલાં સમાધાનોનું પરિણામ હતું. ભારતીય રાષ્ટ્રની કલ્પનાનો અસ્વીકાર નહોતો. સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાઈટીઝ (સીએસડીએસ) ના તાજા સર્વેક્ષણ મુજબ માત્ર ૧૧ ટકા હિંદુઓ જ એમ માને છે કે ભારત હિંદુ રાષ્ટ્ર હોવું જોઈએ. ૮૯ ટકા હિંદુઓને ભારતીય રાષ્ટ્ર જોઈએ છે.

તો વાત એમ છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સો વરસ પછી પણ હિંદુ રાષ્ટ્રની કલ્પના હિંદુઓની અંદર સ્વીકાર કરાવી શક્યો નથી અને તેને લોકાશ્રય મળ્યો નથી એટલે તેને લાગુ કરવા માટે અને ટકાવી રાખવા માટે રાજ્ય પર કબજો કરવો પડે છે. રાજ્ય પર કબજો કરવા બીજેપીએ સીસ્ટમ વિકસાવી છે જે કોંગ્રેસ સીસ્ટમ કરતાં પણ વધુ લોકશાહી તેમ જ માનવીય મૂલ્યોની વિરુદ્ધ છે. પણ સવાલ એ છે કે આવું કેટલો સમય ચાલે? લોકાશ્રય વિના કોઈ વિચાર, કોઈ કલ્પના, કોઈ વ્યવસ્થા કેટલો સમય ટકે? સત્તાની તાકાત અને રાજ્ય પરનો કબજો લોકસ્વીકારની જગ્યા લઈ શકે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મારો ધર્મ માણસાઈ

એક શાળામાં પહેલા-બીજા ધોરણની વેશભૂષા હરીફાઈ હતી. વિષય હતો 'આપણા દેશની વિવિધતા' નાનાં બાળકો વિવિધ જાતિ અને ધર્મોની વેશભૂષામાં તૈયાર થઈને આવ્યા હતા. કોઈ હિંદુ ..કોઈ ભગવા વસ્ત્રમાં સાધુ ...કોઈ મુસ્લિમ ..કોઈ મોલ્વી...કોઈ બંગાળી ..કોઈ મરાઠી...કોઈ ગુજરાતી ..કોઈ મારવાડી વગેરે વગેરે જાણે આખું રંગબેરંગી ભારત શાળાના હોલમાં ઉમટ્યું હતું. બધાં બાળકો સુંદર લાગતાં હતાં અને સ્ટેજ પર આવી... પોતાની વેશભૂષા અનુસાર.. જે તે ભાષામાં સરસ બોલી રહ્યાં હતાં. બધાની તૈયારી સરસ હતી.

હવે સોહનનો નંબર આવ્યો. તેની વેશભૂષા થોડી વિચિત્ર હતી.તે શું બન્યો છે તે તેને જોઇને ખબર પડતી ન હતી.માથા પર સાફો... કપાળમાં તિલક...ચહેરા પર દાઢી....મુસ્લિમો પહેરે તેવો પઠાણી ઝભ્ભો...અને વળી ઝભ્ભા નીચે લુંગી...અને ગળામાં લટકતો ક્રોસ... બધાને નવાઈ લાગી કે આ શું પહેરીને આવ્યો છે? આ શું બન્યો છે? હાજર રહેલા બધાની ઉત્સુકતા વધી.

સોહન સ્ટેજ પર આવ્યો. નમસ્કાર કર્યા ..ન સત શ્રી અકાલ...ન સલામ.... 'જય હિન્દ' બોલી.....હિન્દી ભાષામાં બોલવાની શરૂઆત કરી ત્યાં જ તાળીઓ પડી.....તે બોલ્યો- 'હું કોઈ એક જાતિ ..કે ધર્મનો નથી. મારો સાફો અને તિલક હિન્દુત્વનું પ્રતીક છે ...તો દાઢી અને ઝભ્ભો ઇસ્લામનું ...ગળામાં ક્રોસ છે અને લુંગી.....દક્ષિણ ભારતનું... મારી બોલી હિન્દી છે જે મારા દેશની રાષ્ટ્ર ભાષા છે...હું અહીં સંદેશ આપવા આવ્યો છું કે હું ભારતીય છું.....અને મારા દેશને ભરપૂર પ્રેમ કરું છું અને કોઈ પણ જાતિ અને ધર્મથી ઉપર ઊઠીને હું ભારતીય છું અને સૌથી પહેલાં તો માણસ છું અને મારો ધર્મ છે માણસાઈ ! જો બધા આ ધર્મ અપનાવી લે અને તેનાં અન્યને મદદરૂપ થવાના એકમાત્ર નિયમનું પાલન કરે તો આપણા દેશ અને દુનિયામાંથી દુઃખ, વેર, ઝઘડા, ગાયબ થઇ જાય.'

આટલું બોલી સોહન નીચે ઊતર્યો .....બધાએ ઊભા થઈને તેને તાળીઓથી વધાવી લીધો.....તેનાં ટીચર અને માતા પિતા ભેટી પડ્યાં. પહેલું ઇનામ પણ તેને જ મળશે તે નક્કી થઇ ગયું. નિર્ણાયકોએ ઇનામ જાહેર કર્યા....સોહાનને પ્રથમ ઇનામ મળ્યું....સાથે સાથે નિર્ણાયકોએ તેના માતા પિતાને સ્ટેજ પર બોલાવ્યાં અને આવા અદભુત વિચાર અને રજૂઆત માટે ખાસ અભિનંદન આપતાં કહ્યું, "આપણે આપણી આવતી કાલની પેઢીને અખંડ ભારત ભેટ આપવા માટે આ સંસ્કાર જ આપવા પડશે કે હું ભારતીય છું અને મારો ધર્મ માણસાઈ છે."

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દિવાનખાનામાં રહેલો હાથી ન દેખાય તો શું કરવું?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

વિવિધ વન્ય તેમજ ઘરેલું પશુપક્ષીઓનું માહાત્મ્ય આપણાં ધર્મગ્રંથો અને પુરાણોમાં કરેલું છે, પણ આટલા અનુભવે એ હકીકત પુરવાર થઈ ગઈ છે કે એ બધું છેવટે 'પોથીમાંનાં રીંગણાં' જેવું પુરવાર થયું છે. એનો અર્થ એટલો કે વાસ્તવમાં એ જીવોની આપણને કશી પરવા નથી અને આપણે એના માહાત્મ્યને ગ્રંથનાં પાનાં પૂરતું મર્યાદિત કરી મૂક્યું છે.

જેમ કે, હાથી વિશે વાત નીકળે એટલે આપણી સંસ્કૃતિમાં હાથીના માહાત્મ્ય વિશે પોપટપાઠ કરનારા અનેક મળી આવશે, પણ એ પુસ્તકિયું જ્ઞાન થયું. જ્ઞાન નહીં, માહિતી. વાસ્તવિકતા શી છે? આંકડા પર નજર કરવાથી ખ્યાલ આવશે.

વર્ષ 2022-23 દરમિયાન ભારતમાં હાથીની શી સ્થિતિ છે? દર પાંચ વર્ષે 'વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા' (ડબલ્યૂ.આઈ.આઈ.) દ્વારા હાથીની વસતીગણતરી કરવામાં આવે છે. આ સંસ્થા પર્યાવરણ મંત્રાલય હેઠળ કાર્યરત છે. વર્ષ 2022-23 દરમિયાન હાથ ધરાયેલી હાથીઓની વસતીગણતરીનો અહેવાલ ફેબ્રુઆરી, 2024થી તૈયાર થયેલો પડ્યો છે, પણ હજી તે સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો નથી. સાત વિજ્ઞાનીઓ અને દહેરાદૂનસ્થિત 'ડબલ્યૂ. આઈ.આઈ.'ના અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે એ તૈયાર કરાયેલો છે. ઈશાન ભારતમાં હાથીઓની ગણતરીમાં વિલંબ થઈ રહ્યો હોવાનું જણાવીને સરકારે આ અહેવાલ હજી સુધી પ્રકાશિત કર્યો નથી.

અગ્રણી અંગ્રેજી દૈનિક 'ઈન્ડિયન એક્સપ્રેસ' દ્વારા આ અપ્રકાશિત અહેવાલની કેટલીક વિગતો પ્રકાશમાં લાવવામાં આવી છે. એ મુજબ, પાંચ વર્ષ પહેલાંની સરખામણીએ આ વખતે હાથીઓની સંખ્યામાં 20 ટકાનો ઘટાડો છે. એમાંય મધ્ય ભારત અને પૂર્વ ઘાટના વિસ્તારમાં આ ઘટાડો અગાઉની સરખામણીએ 41 ટકા જેટલો ખતરાસૂચક છે. સંખ્યામાં ઘટાડાની સાથોસાથ આ અહેવાલમાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા વિકાસ પ્રકલ્પોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી આ પ્રજાતિને સીધો ખતરો છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર આ અહેવાલ 'વચગાળાનો' છે. ઈશાન ભારતના હાથીઓની સંખ્યાને સમાવતો આખરી અહેવાલ જૂન, 2025 સુધીમાં પ્રકાશિત થશે.

મધ્ય ભારત અને પૂર્વ ઘાટ વિસ્તારોમાં નોંધાયેલા સૌથી મોટા ઘટાડામાં પશ્ચિમ બંગાળના દક્ષિણ વિસ્તારમાં 84 ટકા, ઝારખંડમાં 68 ટકા અને ઓરિસ્સામાં 54 ટકા જેટલો મહત્તમ કહી શકાય એવો ઘટાડો છે. આ ત્રણે વિસ્તારોમાં લગભગ 1,700 હાથીઓની સંખ્યા ઓછી થઈ છે, જેમાંના 400 જેટલાં હાથીઓ છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને આંધ્ર પ્રદેશ જેવાં અન્ય રાજ્યોમાં સ્થળાંતરિત થયાં હોવાનો અંદાજ છે.

વર્ષ 2022-23 દરમિયાન હાથ ધરાયેલી હાથીઓની વસતીગણતરીનો અહેવાલ ફેબ્રુઆરી, 2024થી તૈયાર થયેલો પડ્યો છે, પણ હજી તે સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો નથી

તેની સરખામણીએ પશ્ચિમ ઘાટ વિસ્તારમાં થયેલો ઘટાડો 18 ટકા જેટલો છે. એના મૂળમાં કેરળમાં 2,900 હાથીઓ (51 ટકા) ઓછા થયા હોવાનું કારણ છે. શિવાલિક ગિરિમાળાના ઉત્તર ભાગે અને ગંગાનાં મેદાનોમાં 2 ટકા જેટલા મામૂલી ઘટાડા સાથે હાથીઓની સંખ્યા લગભગ સ્થિર કહી શકાય એવી રહી છે. જે વિસ્તારના હાથીઓના આંકડા માટે આ અહેવાલનું પ્રકાશન વિલંબિત કરાયું છે એવા ઈશાન ભારતના આંકડાને અગાઉ, 2017ના આંકડા પરથી અંદાજિત કરી લેવામાં આવ્યા છે. એ અનુસાર આ વિસ્તારમાં કુલ 10,139 હાથીઓ છે. એટલે કે દેશના કુલ 29,964 હાથીઓની સંખ્યામાં આ વિસ્તારનાં હાથીઓ ત્રીજા ભાગનો હિસ્સો ધરાવે છે.

આ પ્રકલ્પ સાથે સંકળાયેલા એક વિજ્ઞાનીએ જણાવ્યું કે ઈશાન ભારતની ગણતરી માટે કોઈ સમયમર્યાદા નહોતી અને પાંચ વર્ષના અંતરાલ અનુસાર અમે મોડા હતા. આથી ભારતના બાકીના ભાગનાં હાથીઓનો અહેવાલ પ્રકાશિત કરવાનું નક્કી કરાયેલું, પણ છેલ્લી ઘડીએ નિર્ણય બદલાયો. અમને ઈશાન ભારતના આંકડા માટે રાહ જોવા જણાવાયું. પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવના જણાવ્યા અનુસાર હાથીઓની સંખ્યામાં થતા ઘટાડા પર મંત્રાલય વિવિધ સ્તરે દેખરેખ રાખી રહ્યું છે. અહેવાલમાં દર્શાવાયેલી વિગતો કશી કાપકૂપ વિના પ્રકાશિત કરવામાં આવશે તો તે ઘણાં તથ્યો ઉજાગર કરશે. જેમ કે, હાથીઓના ભ્રમણવિસ્તારમાં આકાર લઈ રહેલા વિવિધ વિકાસપ્રકલ્પોની અસર. એ શક્ય છે કે આવા પ્રકલ્પો અને તેની વિપરીત અસર અંગે પૂરેપૂરો અભ્યાસ રજૂ કરાયો હશે. પણ શું કેવળ અભ્યાસ પૂરતો છે? કોઈ પણ ભોગે પ્રકલ્પો આગળ વધવાના જ હોય તો એનો ભોગ હાથીઓએ બનવાનું આવશે. હાથીઓ કંઈ ઓછા પોતાને થતા નુકસાન વિશે બોલવા આવવાના છે?

આવા વિકાસપ્રકલ્પોને લઈને રેલ અથડામણ, માનવ-પશુની અથડામણ, શિકાર, વીજપ્રવાહથી મૃત્યુ પામવું જેવા બનાવોમાં સતત વૃદ્ધિ થતી રહેવાની એ નિશ્ચિત છે. વ્યાપારી ધોરણે થતા વાવેતરને લઈને પણ જમીનમાં ઘટાડો થતો રહે છે.

કેવળ હાથીઓ નહીં, વાઘ, દીપડા સહિત અન્ય વન્ય પશુઓને પણ આ બાબત લાગુ પડે છે. તેમના નામના દિવસોની ઉજવણી કરવાની, તેમની છબીઓ મૂકવાની, પણ તેમના રક્ષણ માટે ભાગ્યે જ કશું કરવાનું, બલકે તેમના ભોગે વિવિધ વિકાસકાર્યો કરવાનાં, જેનો લાભ કોને થતો હશે એ સંશોધન કરવું પડે.

ભલે જૂન,2025માં હાથીઓની સંખ્યા દર્શાવતો આ અહેવાલ પ્રકાશિત થાય, પણ તેમાં દર્શાવાયેલી અને સૂચવાયેલી વિગતો અંગે કશું નક્કર થશે ખરું કે કેમ એ મુખ્ય સવાલ છે. બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા વિકાસપ્રકલ્પો કંઈ પોતાની મરજીથી અને ગેરકાયદે નથી ફૂટી નીકળતા. એને માટે જરૂરી સરકારી વિધિમાંથી પસાર થવું પડતું હોય છે. આવા પ્રકલ્પોને મંજૂરી મળે એ જ સૂચવે છે કે કશું અણઆયોજિત નથી, બલકે સુઆયોજિત રીતે થાય છે. અહેવાલ તૈયાર કરાય એ ભલે ઔપચારિકતા હોય, પણ એ ઔપચારિકતાય જરૂરી છે.

ભલે એમાં સૂચવાયેલા નિર્દેશો અમલી બને કે ન બને, એ એટલું તો દર્શાવે છે કે અગાઉની સરખામણીએ વિવિધ પ્રાણીઓના રક્ષણમાં આપણે કેટલાં પાછાં હઠ્યાં છીએ અને તેમના ભોગે કરાતાં વિકાસકાર્યોમાં કેટલા આગળ વધ્યાં છીએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

દરવાજો અંદરથી ખોલો

એક સામાજિક પ્રાણી તરીકે આપણને અનેક ચીજવસ્તુઓની જરૂર પડતી હોય છે. આ માટે આપણે બજારમાં અને અનેક શોપ્સ અને દુકાનોમાં જતાં હોઈએ છીએ. વળી, દરેક જગ્યાએ આપણને અલગ-અલગ અનુભવો થતા હોય છે. હાલમાં એ રીતે જ નવસારીમાં એક શોપમાં જવાનું થયું. એ શોપના કાચના એન્ટરન્સ પર લખ્યું હતું; "દરવાજો અંદરથી ખોલો. "શોપમાં આવનારાં ગ્રાહકો માટેની આ સૂચના છે. આ શોપના સંચાલકોએ, "દરવાજો અંદર તરફ ખોલો" ને બદલે "દરવાજો અંદરથી ખોલો" એવું લખીને આપણને વિચારતાં કરી દીધાં છે. ખરેખર દરવાજો અંદરથી ખૂલે એ જરૂરી છે. ક્યો દરવાજો એ 'ગુજરાતમિત્ર'ના સૌ સુજ્ઞ વાચકો જાણે જ છે. બધાં જ ધર્મગ્રંથો, પુસ્તકો અને ફિલસૂફો પણ આપણને દરવાજો અંદરથી જ ખોલવાનું કહે છે. જો અંદરનો દરવાજો ખૂલી જાય તો બેડો પાર. ઈર્ષ્યા, અદેખાઈ, લોભ, લાલચ વગેરે જેવા અનેક અવગુણોથી અલિપ્ત રહેવું અઘરું છે, પરિણામે અંદરનો દરવાજો ખૂલતો નથી, પણ નવા વર્ષમાં આપણા સૌનો અંદરનો દરવાજો ખૂલે એવી પ્રાર્થના અને પ્રયત્નો કરીએ.

નવસારી- ઈન્તેખાબ અનસારી

એક પેડ "મા" કે નામ ફલિત થશે?

ભારતમાં નદીને લોકમાતા, ગાયને માતા અને ધરતીને માતા આ પ્રાચીન સમયથી ચાલી આવતી પરંપરા છે. જેમનો મહિમા વેદો અને શાસ્ત્રોમાં પણ જોવા મળે છે. તંત્ર ઘણી વાર ભવિષ્યનું હિત વિચારીને માનવ સુરક્ષા માટે પાણી તેમજ ઓક્સિજન પ્રમાણ જળવાઈ રહે તે માટે અભિગમ ચલાવે છે. આપણા વડા પ્રધાનની વિચાર શક્તિ સારી કહી શકાય પણ તેનું પાલન જો યોગ્ય રીતે થશે તો! જો ફોટા પૂરતું રહી ન જાય તે માટે વનકર્મીઓ અને નાગરિકોની મુખ્ય જવાબદારી બને છે. શાળા હોય તો શિક્ષક, ગ્રામપંચાયત હોય તો તલાટી આવા સરકારના નિયુક્ત અધિકારી તો ખરા જ પણ વધારે ફાળો તો સ્થાનિક નાગરિકો બની શકે છે. પાલન કરવું ન કરવું તે નાગરિકોના હાથમાં છે. પણ જો ફરજ મુજબ સમજીએ તો ખાસ જવાબદાર સ્થાનિક જનતાનો મૂળભૂત ફરજ સાથે હક. તેનો યોગ્ય અમલ થાય તે જોવાનું કામ જે તે વિસ્તારના ચૂંટાયેલા વિધાયકને છે. તે ફરજ યોગ્ય રીતે નિભાવી ઉપરથી કડક પોતાનો આદેશ કરી અને મેદાન લેવલ પર આ સેવકો જશે તો આ કાર્ય ફળીભૂત થશે. જો મિડિયામાં દેખાવ પૂરતો જ કાર્યક્રમ યોજવામાં આવશે તો એક પેડ નહિ પણ લાખ પેડ રોપી બતાવશો તો પણ મહિના પછી ત્યાં ખાડા જ દેખાશે. કાગળ પર મોટો ખર્ચ દેખાઈ આવશે જે જનતાના ભાગે આવશે.

તાપી - ચૌધરી હરીશકુમાર એચ

જીવવું કે જીવી નાખવું?

જીવન તો પ્રત્યેક માનવીને સુલભ છે. બસ એક જીવન જીવવાની કળા જ દુર્લભ છે. અમૂલ્ય એવા જીવનને આનંદ અને સંતોષપૂર્વક જીવવું કે યાંત્રિકતામાં જીવી નાખવું એ મનુષ્યના હાથમાં છે. જીવન જીવવાની કળાથી અજાણ વ્યક્તિ માત્ર જીવન વ્યતીત કર